# આશીર્વાદ આપના ઉમળકો અમારો...

**ગાંધીનગર સમાચારે હંમેશા એક અખબાર કરતાં સાથી તરીકે સહયોગી તરીકે અને સહૃદયી તરીકે રહેવાનું પસંદ કર્યું છે. ગાંધીનગરના જનજીવનનો એક ભાગ બનવાનું 'ગાંધીનગર સમાચાર'ને ગમ્યું છે. કલા - સાંસ્કૃતિક - સાહિત્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં ગાંધીનગર સમાચારની અગ્રતા હંમેશા રહી છે અને રહેશે. શહેરની પ્રવૃત્તિઓ અને પ્રકલ્પો, સમસ્યાઓ અને સમાધાનોને વાચા આપવાનો અખબારી ધર્મ ગાંધીનગર સમાચારે નિષ્ઠા પૂર્વક બજાવ્યાનો સંતોષ છે ત્યારે આજે ગાંધીનગર સમાચારની ૩૮મી વર્ષગાંઠે વિવિધ ક્ષેત્રના અગ્રેસરોએ રજૂ કરેલો રાજીપો પ્રસ્તુત કરતાં આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. અનેક સંદેશાઓમાંથી કેટલાંકના અંશો સમાવી શક્યા છીએ. અમે તો માનીએ છીએ કે સમગ્ર શહેરના અને વાચક પરિવારના આશીર્વાદ અમારી સાથે છે અને રહેશે. આવો....! એમના જ શબ્દો એમની શૈલીમાં....!!!**

**ગાંધીનગર શહેરનો 'ગાંધીનગર સમાચાર'ને ખુલ્લો પત્ર**

૧૨મી માર્ચ એ ફક્ત 'ગાંધીનગર સમાચાર'નો જ નહીં, ગાંધીનગરના પોતીકાપણાનો પણ જન્મદિવસ છે. મારા આ નગરને સચિવાલય અને વિધાનસભાનું જ નગર નહીં પરંતુ સાંસ્કૃતિક નગરની ઓળખ જો મળી હોય તો તેનો શ્રેય 'ગાંધીનગર સમાચાર' તને જ જાય છે? અને હા, ગાંધીનગર સમાચાર ! તને ખબર છે જ્યાં એક ચોપાનીયુ પણ પરાણે વંચાતું હોય, એવા વાતાવરણમાં તારો જન્મ થયો અને આજે અગણિત સંઘર્ષ પછી તું અને હું એકબીજાના પર્યાય બની ચૂક્યા છીએ. આ શહેરમાં શ્વસતા નગરજનોના અને આ શહેરમાં ફુલતી ફાલતી સંસ્થાઓના સમાચારોને તથા મારા નગરની કોઈ બાળકી રાજ્યસ્તરે, જિલ્લાસ્તરે વિજેતા બને તો તે હરખભેર એ સમાચારને સ્વીકાર્યા છે. અને આ બધાથી ઉપર હકારાત્મક સમાચારથી તરબતર તારા પાના પરની ખબરોની



સુવાસ મારા આખા શહેરમાં ફરી વળી છે. મારા નગરનો કોઈ સામાન્ય નાગરિક મૂક બનીને લોકોની સેવા કરી રહ્યો હોય તો તે તરત જ એ વાતની નોંધ લીધી. 'ગાંધીનગર સમાચાર' તને જ શહેરના કેટલાય નવોદિતોને, સાહિત્યપ્રેમીઓને પ્લેટફોર્મ પૂરું પાડીને લેખક અને સાહિત્યકાર બનાવી દેવાનો પૂરો જશ જાય છે. બંને હાથે સલામ મારવાનું મન થાય એવા અઢળક કાર્ય તે મારી માટે કર્યા છે. કોઈપણ પૂર્વગ્રહ કે પક્ષપાત વગર આવશ્યક સમાચારો તે છાપ્યા છે. ઘણી વખત સાચી વાત જણાવવાના કારણે કસોટીની એરણ પણ તારે ચડવું પડ્યું હશે, પરંતુ દર વખતે અગ્નિપરીક્ષા આપીને વધુ ચમક સાથે કંચન બહાર નીકળીને નવા રૂપરંગ સાથે મુશ્કેલીઓ સામે તે બાથ ભીડી છે. સતત ગળાકાપ હરીફાઈમાં પ્રામાણિકમણે સંઘર્ષરત રહીને ટકી રહીને સાતત્ય સાથે સત્યનું જે પ્રમાણ તે આપ્યું છે, તેનો ઉલ્લેખ મારો (ગાંધીનગરનો) ઈતિહાસ લખનારા ઈતિહાસકારોએ સુવર્ણાક્ષરે લખવો જ પડશે.

Once again happy birthday.

લિ.

જેના નામ અને અસ્તિત્વમાં તારો સમાવેશ થાય છે તેવું ગાંધીનગર.

– ડો.જય ઓઝા

---

**ગાંધીનગર સમાચારે શહેરમાં સંસ્કારના સાથિયા પૂર્યા છે.**

ગાંધીનગર શહેર જ્યારે ૨૧ વર્ષનું યુવાન થયેલું ત્યારે એ અશિક્ષિત અને અણઘડ હતું. એની પાસે કોઈ ચોક્કસ દિશા કે પોતાની ઓળખ નહોતી, હતી તો સરકારી નગર કે કાવાદાવાનું શહેર જેવી કંઈક માન્યતાઓ ઊભી થઈ હતી. પરંતુ એ વખતે આ શહેરમાં એક અખબાર શરું થાય છે "ગાંધીનગર સમાચાર". આ અખબારે શરુઆત તો માત્ર સમાચારોથી કરેલી પણ ધીમે ધીમે સમાચારોમાં, એના હેડિંગોમાં એક તાજગી,



સકારાત્મકતા, ભાષાની સૂઝ અને ગરિમા તથા એક વિચારશક્તિ જોવા મળતા આ અખબારે બહું ઓછા સમયમાં ગાંધીનગરવાસીઓના હદયમાં પોતાનું સ્થાન બનાવી લીધેલું. કોઈપણ અખબાર ચલાવવું એટલે આખું જીવન સમર્પિત કરવા સમાન છે. એક ચોક્કસ વિચારધારા, સંસ્કાર, નૈતિક મૂલ્યો અને સામાજિક અનુબંધ વિના અખબારને જનસ્વીકૃતિ મળતી નથી. ગાંધીનગર સમાચારે આ બધા મૂલ્યો જાળવીને ગાંધીનગર શહેરને એક નવી દિશા, નવી ઓળખ અને નવી ગરિમા આપી છે. શહેરને સંસ્કારી બનાવવામાં આ અખબારની ભૂમિકાને કોઈ નકારી શકે એમ નથી. આજે જ્યારે આ અખબાર માત્ર અખબાર ના રહેતા સત્ય, સમાચાર અને સકારાત્મક ઊર્જાનું આસ્થા કેન્દ્ર બની રહ્યું છે. નવી નવી કલમોનું ઉદગમસ્થાન બની રહ્યું છે. લોકોને આ અખબારમાંથી માત્ર સમાચાર જ નહી સંસ્કાર પણ મળે છે. ગાંધીનગરની પહેલી પેઢી તો બહારથી, બીજા જિલ્લાઓમાંથી આવી હતી પરંતુ આ જ શહેરમાં જન્મેલી પહેલી આખી એક પેઢીને અને અત્યારની બીજી પેઢીને રાજકીય, સામાજિક અને ભાવનાત્મક રીતે શિક્ષિત અને સંસ્કારી આ 'ગાંધીનગર સમાચારે' કરી છે. જીવનના, સમાજના અને રાજકીય અનેક પડકારો પાર કરીને, અનેક પ્રકારના સામાજિક, રાજકિય અને આર્થિક સંકટો, સંઘર્ષો ઝીલીને આ અખબારે પોતાની અને શહેરની ગરિમા બનાવી અને વધારી છે. આ અખબારે આ શહેરમાં પ્રાણ પૂર્યા છે. સત્ય, સેવા, સંસ્કાર અને સદભાવથી અહીના જનમાનસને ઘડ્યું છે. પોષિત કર્યું છે. આજે ગાંધીનગરે એક સાંસ્કૃત્તિકનગરી તરીકે પોતાની ઓળખ બનાવી લીધી છે. ગાંધીનગર શહેરનો જ્યારે ઈતિહાસ લખાશે ત્યારે 'ગાંધીનગર સમાચાર'નો અધ્યાય સુવર્ણ અક્ષરે લેખાશે. કેમ કે 'ગાંધીનગર સમાચારે' આ શહેરમાં સંસ્કારના સાથિયા પૂર્યા છે.

- ડો. કનૈયાલાલ ભટ્ટ

---

ગાંધીનગર સમાચાર એટલે જાણે ગરવા ગાંધીનગરાઓનું પોતાનું અખબાર. મને હંમેશા આ અખબાર પોતીકું લાગ્યું છે. વધારે વિશ્વસનીય અને ભરોસાપાત્ર લાગ્યું છે. આ છાપાની મારી સૌથી વધારે ગમતી વાત એની પારદર્શિતા છે. કોઈ પણ અદના માણસને થાય કે મારે મારી સાચી વાત લોકો સુધી પહોંચાડવી છે ત્યારે એની મદદે આવે છે ગાંધીનગર સમાચાર. અહીં ચોથા નંબરનું પાનું એટલે મારું સૌથી વધારે ગમતું પાનું. સાહિત્યથી ઝળાહળા થતું પાનું! ઉમદા લેખકોની કલમે રોજે રોજ પીરસાતા લેખ વાંચતા મારી સવારની ચાની મજા બેવડાઈ જાય છે. આ જ છાપામાં દર ગુરુવારે આવતી મારી કોલમ "નખરાળી જિંદગી" થકી મને મારું લેખન જ નહિ પણ મારું વાંચન અને ખુદ મને સુધારવાનો મોકો



મળ્યો છે. નીતનવી જાણકારી, તાજી ખબર, જાહેરાતો અને પાટનગરની ઝીણી ઝીણી ગતિવિધિઓને આવરી લેતું આ અખબાર હજી વધારે સુંદર બની જાય જો એમાં દર રવિવારે અને બુધવારે નવલકથાનું એક એક પ્રકરણ આવવા લાગે. ગાંધીનગર સમાચારની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિંદન અને શુભેચ્છાઓ.

- નિયતી કાપડિયા

---

**રાજધાનીના રખેવાળ જેવા "ગાંધીનગર સમાચાર"ને અવતરણ દિવસે અભિનંદન..**

લગભગ ચાર દાયકાની સફર સાથે આજે પણ પાટનગરના જનજીવનમાં આગવી રીતે ધબકી રહેલું "ગાંધીનગર સમાચાર" એ માત્ર વર્તમાનપત્ર નહીં પરંતુ પાટનગરના મુદ્રાલેખ જેવું બની રહ્યું છે..એની સાથે જીવેલા લોકો? જે રીતે આ શહેરમાં ઓતપ્રોત થતા ગયા છે એમ જ આ અખબાર પણ અહીંના લોકજીવનનો એક ધબકાર બનીને સતત ધબકતું રહ્યું છે..આ નગરની આગવી ઓળખ સમા "ગાંધીનગર સમાચાર"ને એના અવતરણ દિવસે હાર્દિક શુભકામનાઓ પાઠવીએ.. દુનિયા રોકેટ ગતિએ બદલાઈ રહી છે..રસ્તાઓ,મકાનો?,બજારો? ,જીવનશૈલી,ફેશન કે જીવનમૂલ્યો બદલાતાં રહે છે..માણસ ઘડાતો જાય છે..અખબારી આલમ પણ અનેક ચઢાવઉતાર વચ્ચે સતત નવા નવા પડકારો ઝીલતું રહ્યું છે.."ગાંધીનગર સમાચાર"ની વિકાસયાત્રા અનોખી દાસ્તાન છે..આગવી કેડી છે..સતત શાંતિ આપતા સ્નેહીજનની હૂંફ છે.. ફક્ત નોકરીયાતોના નગર ગણાતા પાટનગરમાં સાહિત્યિક,પત્રકારત્વ કે સાંસ્કૃતિક પહેલ કરવી એ સાહસ ગણાય."ગાંધીનગર સમાચાર"જ્યારે શરૂ થયું ત્યારે આ નગરની કોઈ ઓળખ ન હતી.એકાદ બે રસ્તામાં કે આડેધડ વૃક્ષોની વસાહત વચ્ચે સમેટાઈ જતા આ નગરના સ્પંદનો ઝીલવા માટેનું કોઈ પ્લેટફોર્મ ના હતું.સૂમસામ રોડ ઉપર એકાદી નિકળી જતી ડબલ ડેકર બસનો ઘોંઘાટ,છૂટી છવાઈ રિક્ષાઓ,અને વેરણછેરણ શોપિંગ સેન્ટરોમાં માનવજીવન ધબકતું રહેતું.સાંજ પડે ફ્ટસરકારી કચેરીઓની આસપાસ નાની સરખી ભીડ થાય




અને પછી એકાદ બે કલાકમાં આવાસોના દરવાજા બંધ થઈ જાય..એટલું જ ગનીમત.આ નગરમાં પોતીકો કોઈ ધબકાર ના અનુભવાતો.. ગાંધીનગર સમાચાર અખબારે લોકોને મૈત્રી માટેનો એક મંડપ પુરો પાડ્યો..એમાં સમાચારોની સાથે નગરનાં અવનવાં સ્પંદનો.અહેવાલો, કોલમો, કવિતાઓ, વાર્તાઓ,તંત્રીલેખો અને તસ્વીરી અવલોકન સાથેનો એક ભાતીગળ વૈભવ પૂરો પાડ્યો.લોકોને "ગાંધીનગર સમાચાર" સાથે ધીમે ધીમે એક આત્મીય નાતો થતો રહ્યો.જે દાયકાઓની સફર પછી.વધારે ને? વધારે પ્રગાઢ થતો રહ્યો છે. "ગાંધીનગર સમાચાર" એક અખબાર નહીં પરંતુ નગરના રખેવાળ જેવું છે.એણે અનેક સર્જકોને લખતા કર્યા છે.એના આકાશમાં નવા લેખકો વિહરતા રહ્યા છે. ગુજરાતી અખબારોની દુનિયામાં જો કોલમલેખનનો ઈતિહાસ લખવામાં આવે તો એમાં આ અખબાર પોતાનું આગવું સ્થાનિક અંકિત કરી શકે એમ છે.એણે અનેક કોલમોને સંવર્ધિત કરી છે"ગાંધીનગર સમાચાર આપણા સૌનું પ્રિય અને મનગમતું અખબાર છે.જે સોશિયલ મીડિયા અને ટેકનોલોજીના બદલાવ પછી પણ અડીખમ બનીને આપણા સૌની વાત રજૂ કરતું રહ્યું છે. આપણને સૌને પ્રેરણા આપતું રહ્યું છે.આપણા પોતાના જ આ અખબારને આજના જન્મદિવસે શુભકામનાઓ પાઠવીએ. "ગાંધીનગર સમાચાર"નો આજે જન્મદિવસ છે.કોઈ અખબારનો જન્મદિવસ ઉજવાય એ પણ એક મૌલિક ઘટના છે.માણસની જિંદગીના જેમ અનુભવ હોય છે એવા જ એક વર્તમાનપત્રના પણ અનુભવો હોય છે. એની સફરમાં પણ આરોહઅવરોહ આવતા રહે છે.આ વર્તમાનપત્રે પણ ઘણીબધી તડકીછાંયડી જોઈ છે.એણે ઘ રોડ ઉપરથી નીકળતી એકલદોકલ કોઈ ડબલ ડેકરના ઘરઘરાટથી માંડીને આજના ચ રોડને વચ્ચે આકાર પામી રહેલી મેટ્રો ટ્રેન સુધીની દુનિયા જોઈ છે.અનેક અનુભવોની સાક્ષી બન્યું છે.એક સમય હતો કે જ્યારે સરિત ઉદ્યાનના એક ખૂણેથી કોઈ મોરનો ટહુકાર ગુંજી ઊઠે એનો પડઘો "ગાંધીનગર સમાચાર"ની કોઈ કોલમમાં પડે.આજે પણ ગિફ્ટસિટીના કોઈ ખૂણે આધુનિક ઘટના બને અને એ પણ? એટલી જ જીવંત રીતે એના પાનાઓ? ઉપર ઝીલાય છે.આવા એક અડીખમ આપતજનને એના અવતરણ દિવસે અઢળક શુભેચ્છાઓ સહ? અભિનંદન પાઠવીએ...

- રમેશભાઈ ઠક્કર

---

પત્રકારત્વ એ લોકશાહી નો ખુબ જ મહત્વનો પાયો છે અને એ મોટી જવાબદારી બને છે. આપણા સૌ માટે એ ગૌરવની ઘટના છે કે ગાંધીનગર માં આપણા સૌનુ દૈનિક" ગાંધીનગર સમાચાર " આ જવાબદારી ૩૬ વર્ષ થી ખુબ સુપેરે નિભાવે છે. ગાંધીનગર સમાચાર એટલે સદાય તટસ્થ-નિર્ભય, દરેક ક્ષેત્ર- સમાજ અને દરેક પ્રવૃતિ ને ફોટા-અહેવાલ સાથે સતત પ્રોત્સાહીત કરનારું માધ્યમ. દા.ત.શિવરંજની ના કાર્યક્રમ પછી ગાંધીનગર સમાચારમાં એનુ વિગતવાર રસદર્શન આવે એની પણ ગાંધીનગર ની જનતા એટલી આતુરતા પુર્વક રાહ જુએ. ગાંધીનગર સમાચાર વગર સરસ સવાર ઉગે જ નહી..ઘરમાં કોણ પહેલું ગાંધીનગર સમાચાર હાથમાં લે એ રોજનો મીઠો ઝઘડો. આ ઉપરાંત **Editorial** લેખની ચોટદાર-ધારદાર પેશગી, જુદા



જુદા વિષયો ઉપર અનેક લેખકો ના રસપ્રદ લેખો જેમાં નવોદિતો ને ખાસ સ્થાન વગેરે પણ પત્રકારત્વ ક્ષેત્રે એક સેવાકીય કામ કહેવાય . "ગાંધીનગર સમાચાર" ૩૮ વર્ષમાં ઉજજ્વળ પ્રવેશ કરે છે ત્યારે ખોબલે ખોબલે અભિનંદન અને પત્રકારત્વ ના ઉચ્ચ શિખરો વધુ ને વધુ સર કરતા જ રહો એવી દિલથી સુરમય શુભકામનાઓ.

-વાગ્મિન બૂચ

---

કેટલાંક વર્ષોથી મને બારમી માર્ચના સપરમા દિવસે મોં મીઠું કરવાનો લહાવો મળે છે. બારમી માર્ચ એટલે "ગાંધીનગર સમાચાર" નો જન્મદિવસ. ૩૭ વર્ષના આ પાકટ સમાચાર પત્રના પાનેપાને ઠાવકાઈનાં ફૂલો બેઠાં છે. એની મીઠી ખુશ્બૂ અને પ્રભાતનું પહેલું કિરણ એકસાથે મારા ઘરમાં પ્રવેશે છે. એના વાંચનથી મારી દિનચર્યાના શ્રીગણેશ થાય છે. આ અખબારનું વાંચન મારા તનમનને બહેકાવતું નથી બલકે સહેલાવે છે. એનો લેખિત પુરાવો એટલે તેનું પાના નંબર : ૪. જાણે મનગમતા ભોજનનો સ્વાદિષ્ટ રસથાળ જોઈ લો! આ પાના પરના કોલમિસ્ટોનાં પુસ્તકો થયાનો પણ એક આગવો રેકૉર્ડ છે. કોલમથી પોતાના પુસ્તક સુધી પહોંચેલા આવા તમામ લેખકો "ગાંધીનગર સમાચાર" અને




સાહિત્યપ્રીતિ ધરાવતા અને વ્યાપારી વૃત્તિથી અળગા રહેતા "ગાંધીનગર સમાચાર" ના સદૈવ ઋણી રહેશે. ગાંધીનગર પાટનગર હોવા ઉપરાંત કલા, સાહિત્ય અને સંસ્કાર નગર છે અને "ગાંધીનગર સમાચાર" આ નગરનું સાફસુથરું દર્પણ છે. ખાસ તો, આ અખબાર સુરુચિભંગ કરે તેવી તસવીરો તથા નકારાત્મક સમાચારથી મહદંશે દૂર રહી શક્યું છે તેથી તે ગાંધીનગરના ઘરઘરનું માનીતું અખબાર બની શક્યું છે. દેશ અને દુનિયાના તરોતાજા સમાચારની સાથેસાથે આ શહેરની નવાજૂની તથા નગરજનોને ઉપયોગી થાય તેવા સ્થાનિક સમાચારને કારણે એ પાટનગરને પોતાનું અખબાર લાગે તે બિલકુલ સ્વાભાવિક છે. મને "ગાંધીનગર સમાચાર" વાંચવું ગમે છે કારણ કે તે મને પોતીકું લાગે છે.

-કિશોર જિકાદરા

---

**અભિનંદન અને આનંદ**

સતત ૩૭ વર્ષ સુધી સાતત્ય પૂર્વક અને નક્કી કરેલા સિદ્ધાંતથી "સમાચારપત્ર "ચલાવવું એ જ એમની સિદ્ધિ અને સફળતા બતાવે છે. ૧૯૯૧ થી ગાંધીનગર આવ્યો ત્યારથી જ "ગાંધીનગર સમાચાર" સાથે ઘરેલુ નાતો રહ્યો... માનો ને કે એક આદત, અને રોજિંદા જીવનનું એક અંગ બની ગયું . શા માટે? તો મારો નહીં આખા ગાંધીનગર નો એક મત આવે કે "ગાંધીનગરમાં બનતી સામાજિક, શૈક્ષણિક ,સંસ્થાકીય, રાજકીય, સુખ દુઃખના ઘટનાના દરેક સમાચાર જ નહીં પરંતુ દરેકના જન્મદિવસની શુભેચ્છા પણ( એ પણ મફત) ઘર સુધી રોજ પહોંચાડે છે .જાણે આખા ગાંધીનગર ના નગરજનોને એક તાતણી સંબંધોમાં તથા સમાચારોમાં બાંધે છે. કોઈ નકારાત્મક કે કોઈને ઉતારી પાડવાના સમાચાર નહીં કોઈ "યલ્લો જર્નાલિઝમ "ની છાંટ નહીં, જાહેરાત આપ આપવા કે અપાવવાની ક્યારે વિનંતી કે દબાણ નહીં. ક્યારેક તો લાગે કે આ સમાચાર



પત્ર આજના સમયમાં ચાલે છે કેવી રીતે? ગાંધીનગરમાં રહેતા લેખકો કવિઓ કલાકારો ખેલાડીઓ કે વ્યક્તિગત વિકાસ માં કોઈના કોઈ સમયે આ" ગાંધીનગર સમાચાર "ચોક્કસપણે નિયમિત બન્યું જ હશે હું સર્વે ગાંધીનગરના વાસીઓને વિનંતી કરું છું કે ગાંધીનગર સમાચાર ને પોતીકુ ગણી વધારે ને વધારે સહાય કરી ને વધુને વધુ વાંચોકો પાસે પહોંચે તેવા પ્રયત્ન કરીએ

- સીએલ મહેતા

---

ગાંધીનગર સમાચાર : ગાંધીનગર શહેરીજનોને અતિ પ્રિય છે, એક પોતાનું ગ્રીન ગાંધીનગર શહેર અને , બીજું એવરગ્રીન " ગાંધીનગર સમાચાર" . આપણું આ વર્તમાન પત્ર એ માત્ર ચીલાચાલુ સમાચાર પત્ર ન બની રહેતાં સદાચાર પત્ર, સર્વને માટેના સમભાવનું પત્ર ઉપરાંત તટસ્થ




પત્રકારત્વની એક મિશાલ બની રહેલ છે. તથા સહુ ના સમાચારોને અચૂક સમાવતાં આ આદરપાત્ર વર્તમાન પત્રએ ગાંધીનગર નિવાસી ઓ અને આસપાસ ના અન્ય જિલ્લાઓ ના નાગરિકો નાં હૃદયમાં જરૂર આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે.પ્રતિષ્ઠિત લેખકોના માહિતી સભર સાહિત્યિક લેખો સાથે પ્રભાત ના પહોર માં રાષ્ટ્રીય કે રાજયસ્તર ના હકારાત્મક સમાચારોને પ્રથમ પાને ચમકાવતું અને સાથે સાથે રંગીન તસવીરોથી ભરપૂર બધાજ પ્રાપ્ત સમાચારોને પ્રગટ કરતું આ વર્તમાન પત્ર આપણને પ્રભાવિત કરી દે છે. આવાં આપણાં પોતીકા અખબાર ના ૩૮મા સ્થાપના દિને અંતર નાં ઊંડાણથી અનેક શુભકામનાઓ અને આ વર્તમાન પત્ર આ રીતેજ ઉત્તરોત્તર ખૂબ પ્રગતિ કરે તેવી ઈશ પ્રાર્થના.

- સુધીર દેસાઈ

---

ગાંધીનગર ના લોકલાડીલા અખબાર ગાંધીનગર સમાચાર ને ૩૭ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તેનો ખૂબ રાજીપો વ્યક્ત કરું છું.આ શુભ દિને એવી શુભેચ્છા છે કે આ અખબાર ૧૦૦ વરસ પૂર્ણ કરે . ગાંધીનગરનું પારિવારિક અખબાર એટલે ગાંધીનગર સમાચાર. સવારે ઉઠીએ એટલે જેમ ચા જોઈએ તેવી રીતે ગાંધીનગર સમાચાર વાંચવાનું પણ વ્યસન થઈ ગયું છે .કુટુંબના તમામ વર્ગના તમામ સભ્યો સાથે બેસીને વાંચી શકે તેવું આ પારિવારિક અખબાર છે. નકારાત્મક સમાચારો ને બદલે હકારાત્મક સમાચારો કોઈના જીવનમાં અને દિલમાં દીવો પ્રગટાવે છે



અને સમાજને વિશિષ્ટ રાહ ચીંધે તેવા સમાચારો આ અખબારમાં હર હંમેશ જોવા મળે છે તે પણ પાટનગર નું એક સદનસીબ કહેવાય . સ્થાનિક ક્ષેત્રે આ અખબાર વંચાય છે વધુ અને તેથી જ તો કોઈ પણ સમાચારની જાણ આ અખબારના માધ્યમ થકી નગરજનોને ખૂબ ઝડપથી થાય છે. આ અખબાર થકી પ્રકૃતિ અને સંસ્કૃતિના નગરનો વિકાસ અને વ્યાપ વધુ થાય તેવી પુનઃ શુભેચ્છા...?

- અરુણ બુચ

---

ગાંધીનગર સમાચાર એટલે શહેરની નાનામાં નાની દીકરીની વહેલપહેલી મોટી સિદ્ધિ બદલ તુરંત જ તેને બિરદાવનારું એકમાત્ર સમાચારપત્ર. ગાંધીનગર સમાચાર સમાચાર છેલ્લા ૩૭ વર્ષથી અવિરતપણે શહેરમાં તેમજ સમાજમાં બનતી સકારાત્મક બાબતોને સુપેરે દર્શાવતું રહ્યું છે. મારી પોતાની વાત કરું તો મને આ અખબારે એક નવી ઓળખ આપી છે. હું **Anchor, Announcer** માંથી ગાંધીનગર સમાચારને કારણે જ એક **Columnist** બની શકી છું. મને આ અખબાર સતત સારું અને સંવેદનશીલ લખવા માટે પ્રેરણા આપતું રહ્યું છે.



નકારાત્મકતા અને નિરુત્સાહભર્યા સમાચારો વચ્ચે ગાંધીનગર સમાચાર એક ઊર્જાના સ્ત્રોત સમાન અખબાર છે. . આજના આ ગળાકાપ હરિફાઈના યુગમાં ગુણવત્તા સાથે અડીખમ ઊભા રહીને આ પ્રકારનું અખબાર ચલાવવું એ કોઈ નાની સૂની સિદ્ધિ નથી જ. જહા સાહેબના દૃઢ મનોબળ અને સમાચારપત્ર માટે કામ કરનાર દરેકે દરેકની નિષ્ઠાને કારણે આ અખબાર આટઆટલા વર્ષોથી સફળતાપૂર્વક ટકી શક્યું છે. ગાંધીનગર સમાચારે જમાનાને અનુરુપ પોતાના રંગ-રૂપ પણ **Update** કર્યા છે તેની શોભામાં વિશેષ અભિવૃત્તિ કરે છે. ગાંધીનગર સમાચારને તેના જન્મદિવસની અઢળખ મબલખ શુભકામનાઓ છે.

- નેહલ જયદીપ ગઢવી

---

**પાટનગર નું પરોઢ એટલે ગાંધીનગર સમાચાર**

લોકશાહી નો પ્રાણ અને વિશ્વ ગુરુ ભારત વર્ષનું પ્રધાન રાજ્ય ગુજરાત અને એમાંય પાટનગર ગાંધીનગરનું પ્રભાત જેનાથી શરૂ થાય એ "ગાંધીનગર સમાચાર" ના ૩૮ મા જન્મદિને અંતરથી અઢળક શુભકામનાઓ સહ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. યોગ વશિષ્ઠ કહે છે કે, "યા દ્રષ્ટિ સા સૃષ્ટિ" પાટનગરવાસીઓ સમગ્ર ગાંધીનગર ને કોની આંખે જુએ છે. તો સ્પષ્ટપણે કહી શકાય કે "ગાંધીનગર સમાચાર" ની આંખે જગતને જુએ છે. બહુ મોટું નૈતિક ઉત્તરદાયિત્વ આજના આ યુગમાં ગાંધીનગર સમાચાર ના શિરે છે કે ગુજરાત ના બુધ્ધિજીવી ધન ને જેની વિચક્ષણતા અને જેમની કુશળતાથી સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વ ને લાભ થાય છે એવા વર્ગ સુધી જગતનું માંગલ્યમય ચિત્ર પ્રસ્તુત કરી જગતમાં બનતી ઘટનાઓને હાઈલાઈટ કરી માંગલ્યનો પ્રચાર પ્રસાર કરીને માઁ ભારતી પુનઃ સોળે શણગાર સજી જગતગુરુ તરીકે પ્રસ્થાપિત થાય એ દિશા તરફ પાટનગર ના પ્રજાજનો ને લઈ જવાનું મંગલમય કાર્ય ગાંધીનગર સમાચાર દ્વારા થઈ રહ્યું છે એનો ગાંધીનગર વાસી મને તરીકે ગર્વ છે. ગાંધીનગર સમાચાર ની




વિશેષતા એ છે કે, તટસ્થતા, નિષ્પક્ષતા સત્યતા અને નિડરતા એ એનો ધર્મ રહ્યો છે અને આગળના સમયમાં પણ પોતાના ઉત્તરદાયિત્વને એ ઉત્તમ રીતે નિભાવી ને કાયમ માટે લોકશાહી ની આંખ અને પાંખ બની રહેશે . ગાંધીનગર સમાચારની અભિવ્યક્તિ અને અન્ય લેખો માટે કહું તો જ્યારે સવારમાં છાપું હાથમાં લઉં તો એવું લાગે છે કે જાણે મેઘધનુષ્યના અનેક રંગો રોજ સવારે ગાંધીનગર સમાચાર ના માધ્યમથી ખીલે છે અને એનો સમગ્ર શ્રેય જો આ મહાયજ્ઞમાં હોય તો તે કૃષ્ણકાંત જહા સાહેબ નો છે અને આ યજ્ઞમાં આહુતિ આપનાર તેમના સમગ્ર કર્મયોગીઓનો છે. પુનઃ એકવાર નિડર, નિષ્પક્ષ અને લાલચ વિહિન ઉત્તમ પત્રકારત્વ ના ગાંધીનગર સમાચાર ના જનક, પાલક અને સંવર્ધક ને ખૂબ ખૂબ અભિનંદન સહ વંદન.

- દિનેશભાઈ વ્યાસ

---

ગાંધીનગરના નગરજનોનું પોતાનું અખબાર 'ગાંધીનગર સમાચાર' ૩૭ વર્ષની અવિરત યાત્રા કરીને સ્વર્ણિમ જયંતિ તરફ પ્રયાણ કરી રહ્યું છે. સમગ્ર ટીમને અઢળક અભિનંદન. આ અખબારના પ્રારંભથી આજે ૩૮મા જન્મદિન સુધી મારા સંબંધો અતૂટ રહ્યા છે. જેનાથી આનંદ અને ગર્વની લાગણી અનુભવું છે. અમદાવાદના વર્ષો



જૂના પ્રસિદ્ધ અખબારો, ગાંધીનગરમાં કર્મચારીઓની મર્યાદિત વસ્તી, આર્થિક તેમજ શારીરિક મર્યાદાઓની કપરી પળો વચ્ચે પણ ગાંધીનગરની સ્થાનિક શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક, સ્વૈચ્છિક સંસ્થાઓ, સમાચારો અને સાહિત્યકારોને પાંખો આપી ઉદ્દીપકની કામગીરી કરીને નગરને સતત ધબકતું રાખીને સૌને જોડવાનું ભગીરથ કામ કરી રહ્યું છે તે હકીકત છે. ૩૭ વર્ષની લાંબી મંઝીલમાં નિયમિત પ્રકાશન, દેશ-વિદેશ-સ્થાનિક સમાચારોની સચોટતા, સમદૃષ્ટિથી રાજકારણની પુષ્ટિ અને આલોચના, પ્રશ્નોની સચોટ અભિવ્યક્તિ દ્વારા લોકશાહીને ધબકતી રાખવી, બાળક-યુવક-મહિલા અને વડીલોની વાતોને સ્થાન, સાહિત્યમાં વિવિધ પાસાંના આલેખનના કારણે વાંચકો, વિતરકો અને વિજ્ઞાપનદાતાઓ 'ગાંધીનગર સમાચાર' થી દિવસનો પ્રારંભ કરે છે. પુનઃ મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

- જશવંત ગાંધી

---

**નગરની કલા-સંસ્કૃતિ - અસ્મિતા, સંસ્કારિતાને સતત સંસ્કારતું 'ગાંધીનગર સમાચાર'**

દરેક વ્યક્તિ, ઘર-પરિવારની નોખી શૈલી-રીતભાત, પ્રકૃતિ હોય. એમ દરેક વ્યક્તિ કે પરિવારનું એક પોતીકું અખબાર પણ હોય ! આજે ઈ મીડિયા / સોશ્યિલ મીડિયાનાં અનેક આક્રમણો, કયારેક પ્રિન્ટ મીડિયાના ભવિષ્ય માટે ચિંતા પણ સેવવામાં આવે. છતાં, હજુ આજે એવો પણ મોટો વાચક વર્ગ છે, જેમની સવાર પોતાના અખબાર (છાપાં) દ્વારા જ પડે. ગાંધીનગરના નગરજનો માટે ગાંધીનગર સમાચાર એ 'સવાર' પાડતું અખબાર છે. ગાંધીનગરના લોકો માટે એ પોતાનું અખબાર છે, નગરનું અખબાર, એક પાડોશી જેવું, મિત્ર જેવું, વડીલ સરખું. સહુના રસરુચિ મુજબના એમાં વિવિધ સમાચારને કોલમો ને ઘણું બધું મળી રહે. સાપ્તાહિક સમાચારપત્રથી શરુ થયેલી સફર આજે તો યશદાયી મુકામે પહોંચી છે. નગરના, જિલ્લાના કલા, સંસ્કૃતિ, સાહિત્ય, શિક્ષણ, સેવા, આરોગ્ય, જનવિકાસ એમ વિવિધ પાસાંની આ પોતીકા અખબારે ઘણી ચિંતા કરી એ સમાચારોને સ્થાન આપ્યું છે. ગાંધીનગરના સંસ્કાર વારસા, અસ્મિતા, સંસ્કારિતાને આ



અખભારે સતત સંકોરી, એની આભા પ્રસરાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. 'ગાંધીનગર સમાચાર' એ માત્ર એક અખબાર જ ન રહેતાં, એ સહુ કોઈ માટે વાતના વિસામાનું સ્થાનક બન્યું છે. એ પછી કોઈ મોટા નેતા-રાજકારણી હોય, ઉદ્યોગપતિ હોય, કે પછી શિક્ષક હોય કે કર્મચારી હોય, સહુ માટે ગાંધીનગર સમાચાર વાતનો વિસામો. કેટકેટલા લેખકો - પત્રકારોની કલમને અહીં મોકળાશ મળી ! કેટકેટલા ઘરદીવડાઓની પ્રેરણાદાયી વાતો અહીં પ્રગટ થઈ ! ગાંધીનગરના સમાજજીવનમાં આ અખબારનું એક નિશ્ચિત સ્થાન છે. હકારાત્મક દૃષ્ટિકોણ સાથેના પત્રકાર્તવ ક્ષેત્રે પણ આ હંમેશા આગળ રહ્યું છે. માટે જ એની લોકપ્રિયતા / ભોગ્યતા અને સાથે અસરકારકતા ઉત્તરોત્તર વધતા રહ્યા છે.

'ગાંધીનગર સમાચાર'ને એના જન્મદિવસે ખૂબ ખૂબ અભિનંદન... શુભેચ્છાઓ...

- પ્રજ્ઞા પટેલ